# હરિયાલી ઔર રાસ્તા

# પ્રકૃતિપ્રેમીઓ, ફોટોગ્રાફર્સ અને ટ્રેકર્સે ડાંગના કળબડુંગરમાં ધામા નાંખ્યા


ગિરીશ ભોયે



સાપુતારા : અત્યારે 'કળબડુંગર'માં ટ્રેકિંગ કરનારા, બાઈકર્સ, એડવેન્ચર લવર્સ, કેમ્પિંગ કરનારાઓ, અને ફોટોગ્રાફીના શોખીનોએ ધામા નાંખ્યા છે. અહીં સુધી પહોંચવા માટેનો સૌથી વ્યવહારુ માર્ગ જોઈએ તો આમસરવલણ ગામ આહવાથી લગભગ 11 કિમી પશ્ચિમ તરફ આવેલું છે. ઉપરાંત વઘઈથી પણ આહવા માર્ગ થી ધૂળચોંડ થઈ આમસરવલણ ગામ પહોંચી શકાય છે. આમસરવલણ થી 'કળબડુંગર' ગામમાંથી સ્થાનિક કાચાપાકા માર્ગો અથવા પગદંડી દ્વારા ડુંગર તરફ જવું પડે છે. ડુંગરની ટોચે જવાનો છેલ્લો ભાગ સામાન્ય રીતે ટ્રેકિંગ કરીને પાર કરવો પડે છે. સ્થાનિક ભોમિયા વિના અહીં ભમવું ઉચિત નથી. જ્યારે ચોમાસાની (જૂન થી સપ્ટેમ્બર) દરમિયાન અહીંની હરિયાળી અદ્ભુત હોય છે એટલે અહીંની 'હરિયાલી ઓર રાસ્તા' ની સફર કરવી હોય તો 'ભોમિયા સાથે ભમવા છે ડુંગરા' એવું મન બનાવીને સહ્યાદ્રિ પર્વતમાળાની પ્રકૃતિનો અનમોલ નજરો માણી શકો છો.


અંજની ગુફા ધોધ


ડોન ધોધ


ડાંગના રસ્તા

### કળબ ડુંગરમાં સાત દેવીનો વાસ છે

અહીં સાત દેવીઓનો વાસ છે અને તે ડાંગના મૂળ આદિવાસીઓ માટે મહત્વનું ધાર્મિક તેમજ શ્રદ્ધાનું કેન્દ્ર છે. વર્ષ દરમિયાન અહીં વિશેષ પૂજા અને મેળાઓ પણ યોજાય છે. આ ડુંગર ચારેય બાજુથી હરિયાળી, પર્વતો અને શાંત વાતાવરણથી ઘેરાયેલો છે.

## વાપીમાં દવા લેવા જતાં યુવકના માથામાં કાચની બોટલ ઝીંકી

વાપી : વાપીમાં ડુંગરા કોલોની ખાતે સ્વામી વિવેકાનંદ ગુરુકૂળની બાજુમાં ભાડે રહેતા ઈન્દ્રજીત રાજમન ગોસ્વામીની તબિયત સારી ન હોવાથી તેઓ મેડિકલ સ્ટોર પર દવા લેવા જઈ રહ્યા હતા. તેઓ ડુંગરા કોલોનીમાં સ્વામી વિવેકાનંદ ગુરુકૂળ સામે પહોંચ્યા ત્યારે રસ્તામાં અમિત ઉર્ફે બબકેશ રમેશ શુકલા અને તેનો મિત્ર અમરીશ મુન્ના ભારદ્વાજ મળ્યા હતા. આરોપીઓએ તેમને રોકીને પૂછપરછ કરતાં ઈન્દ્રજીતે સામે પ્રશ્ન કર્યો હતો કે, તમારે શું કામ છે, હું ગમે ત્યાં જાઉં? આ વાતથી ઉશ્કેરાઈને અમરીશે ઈન્દ્રજીતને પકડી લીધો હતો અને અમિતે બાજુમાં પડેલી કાચની બોટલ તેમના માથામાં મારી દીધી હતી.

અમિતે હાથમાં પહેરેલા કડા વડે હુમલો કરતા આંખ ઉપર ગંભીર ઈજા થઈ હતી. ઘટના બાદ પોલીસને જાણ કરાતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને 108 એમ્બ્યુલન્સ દ્વારા સેલવાસ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે ઈન્દ્રજીત ગોસ્વામીએ વાપી ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદાના રાણી ફળિયા ગામમાંથી ૮ ફૂટ લાંબો અજગર પકડાયો


નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદા તાલુકાના રાણી ફળિયા ગામના સારીયા ફળિયામાં રહેતા વિશાલ છનાભાઈ ગરાસીયાના ઘર નજીક ખેતરમાંથી ફ્રેન્ડ ઓફ એનિમલ ગ્રુપ દ્વારા આશરે ૮ ફૂટના અજગરને સુરક્ષિત રેસ્ક્યુ કરી નજીકના જંગલમાં છોડી દઈ ગ્રામજનોને ભયમુક્ત કર્યા હતા.

### પારડીના ગોઇમા ગામે ટેન્કરની અડફેટે બાઇકચાલકનું મોત નિપજ્યું

પારડી : મળતી માહિતી મુજબ, મનોજ કડાળી મોટરસાઇકલ નં. GJ-15-EK-8433 લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ટેન્કર નં. GJ-21-Y-3364ના ચાલકે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં મનોજને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રોહીણા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબે મનોજને મૃત જાહેર કર્યો હતો. અકસ્મતાની જાણ થતાં પરિવાર અને ગામના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આઇસર ટેન્કર ચાલક તરીકે દિવ્યેશ પટેલ (ઉં. ૩૦, રહે. નારણપોર ગામ, ઝઘડીયા ફળિયું, તા. ખેરગામ)નું નામ સામે આવ્યું છે. મૃતકના પિતા ધવળુભાઇ કડાળીએ પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### ચીખલીના ઘેજમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામે સામાજિક વનીકરણ દ્વારા જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો અમિતા પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. ઘેજ ગામના ભરડામાં સ્મશાનભૂમિ રોડ સ્થિત તળાવની પાળે યોજાયેલા વૃક્ષારોપણના કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો અમિતા પટેલ, જિલ્લા ભાજપ પૂર્વ મહામંત્રી ડો અશ્વિનભાઈ, તાલુકા પંચાયત સભ્ય દિપ્તીબેન અંકુરભાઈ, સરપંચ રાકેશભાઈ, સહકારી મંડળીના વાઇસ ચેરમેન ઉત્તમભાઈ, તાલુકા પંચાયત પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈ, ગામના પૂર્વ સરપંચ વિનોદભાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં રંગબેરંગી ફૂલો અને બારેમાસ લીલાછમ રહેતા ૧૦૦ જેટલા રોપાઓ રોપવામાં આવ્યા હતા. ડો અમિતા પટેલે જણાવ્યુ હતુ કે આજે પર્યાવરણની સ્થિતિ ખોરવાવાની સ્થિતિમાં વૃક્ષોનુ ઉછેર અને જતન અનિવાર્ય બની ગયુ છે. વૃક્ષોની માવજત માટે આપણા સહિયારા પ્રયાસ જરૂરી છે. અહીં વૃક્ષોના ઉછેર બાદ પર્યાવરણને લાભ થશે. આ ઉપરાંત તળાવની પાળે બેસવા સહિત સુવિધા સાથે બ્યુટી ફિકેશનની સ્થાનિકોની રજુઆતમાં પણ ડો અમિતાબેન પટેલે આવનારા સમયમાં જરૂરી ગ્રાન્ટની જોગવાઈની પણ ખાતરી આપતા સ્થાનિકોએ વધાવી લીધી હતી. વૃક્ષારોપણના કાર્યક્રમમાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

### દેવસરની વિભા પટેલે યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવી ગૌરવ વધાર્યું



બીલીમોરા : સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯મા પદવીદાન સમારંભમાં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દેવસર ગામની વિભા જયંતિભાઈ પટેલે શૈક્ષણિક ક્ષેત્રે મોટી સિદ્ધિ મેળવી છે. તેમણે 'P.G. Diploma in Cytogenetics' અભ્યાસક્રમમાં ૮.૦૮ CGPA સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે યોજાયેલા સમારંભમાં કુલસચિવ ડો. રમેશદાન ગઢવીના હસ્તે તેમને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારની દીકરીએ પોતાની લગન અને મહેનતના બળે આ વિશિષ્ટ અભ્યાસક્રમમાં યુનિવર્સિટી સ્તરે ડંકો વગાડતા સમગ્ર ગણદેવી તાલુકાનું નામ રોશન થયું છે. આ સફળતા બદલ પરિવારજનો દ્વારા વિભા પટેલને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### દેહરીમાં જુગાર રમતા છ પકડાયા

ઉમરગામ : ઉમરગામના દેહરીમાં ગંજીપાનાનો જુગાર રમતા છ જણાને પોલીસે પકડી લીધા હતા. ઉમરગામ તાલુકાના દેહરીના છેડા ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાનાનો હાર જીતનો જુગાર રમી રહ્યા હોવાની પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે મંગળવારે સાંજના ઉમરગામ પોલીસે રેડ કરી છ જણાને પકડી પાડી દાવના રોકડા રૂપિયા 1980 તથા અંગઝડતીમા મળી આવેલા રોકડા રૂપિયા 5560 મળી કુલ રૂપિયા 7,640 તથા જુગારના સાધનો પત્તા પોલીસે કબજે લીધા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી હાઇવેના દબાણો હટાવાયા



વાપી : નેશનલ હાઇવે ઓથોરોટીએ વાપીમાં ને.હા.48ના માર્જિનમાં આવતાં દબાણોને હટાવવા મોટેપાયે કાર્યવાહી હાથ ધરી હતી. વાપીમાં બલીઠાથી સલવાવ સુધીમાં લગભગ 35થી વધુ દબાણોને હટાવામાં આવ્યા હતા. જેમાં કેટલાકે સ્વૈચ્છિક દબાણો દૂર કર્યા હતાં. હાઇવે ઓથોરીટીની કાર્યવાહીથી ખળભળાટ મચી ગયો હતો. સર્વિસ રોડને પહોળો બનાવવા આ કામગીરી ચાલુ કરી હોવાની માહિતી મળી રહી છે. મહત્વની વાત એ છે કે વાપી તાલુકા સેવા સદનની દિવાલ, સરકારી નવી હોસ્પિટલની દિવાલનું માર્જિન પણ કરવામાં આવ્યું છે. પરંતુ જેને હજુ સુધી દુર કરાયું નથી. જેથી સ્થાનિકોમાં દબાણ હટાવવાની કામગીરીમાં ભેદભાવ થઇ રહ્યો હોવાનો આક્ષેપ નેશનલ હાઇવે ઓથોરોટી સામે થઇ રહ્યો છે. હવે સરકારી કચેરીનું દબાણ હટશે કે લોકોની મિલકતના ડિમોલિશન સાથે કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે.

### સંજાણની દિક્ષિતા સલાટ એથ્લેટિક્સ ગેમ્સમાં રાજ્ય સ્તરે ગોલ્ડ મેડલ વિજેતા


ઉમેશ સોલંકી

ઉમરગામ : ગુજરાત રાજ્ય એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા આયોજિત ગુજરાત સ્ટેટ યુથ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ-2026નું આયોજન ગોધરા ખાતે થયુ હતુ. જેમા સંજાણની દિકરી દિક્ષિતા રાજેશભાઈ સલાટ ખુબ મહેનત કરી હાઈ જમ્પ (ઉંચી કુદ) ની પ્રતિયોગિતામા ગોલ્ડ મેડલ (સ્વર્ણ પદક) મેળવ્યો હતો. એને હવે રાષ્ટ્રીય સ્તરની ચેમ્પિયનશીપમા સિલેક્શન થયુ છે. આગામી દિવસોમા પંજાબના લુધીયાણા ખાતે રાષ્ટ્રીય એથ્લેટિક્સ યોજાશે તેમા દિક્ષિતા ભાગ લેશે. રાજ્ય સ્તરે ગોલ્ડ મેડલ મેળવવા બદલ એમના કોચ, સમગ્ર પરિવાર ગ્રામજનો ગર્વની લાગણી અનુભવી રહ્યા છે. અને અભિનંદન સાથે શુભકામનાઓ આપી હતી.

### ખેરગામમાં સંસ્કૃત ગૌરવ યાત્રા નીકળી



ખેરગામ : ખેરગામમાં 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત સંસ્કૃત શિક્ષણને પ્રોત્સાહન આપવા તાલુકા કક્ષાની અમલીકરણની સમિતિ જેમાં ઉપાધ્યક્ષ મામલતદાર વિજય પટેલ અને તાલુકા વિકાસ અધિકારી પ્રકાશ પટેલ, સભ્ય સચિવ મનીષ પટેલના માર્ગદર્શન હેઠળ જનતા માધ્યમિક શાળા ખેરગામથી સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ તથા નાગરિકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને ગૌરવની ભાવના કેળવવાનો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય હેતલ આહિર, મોહિની પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ હંસા દેસાઈ, ઉપપ્રમુખ મુકેશ પટેલ, કારોબારી અધ્યક્ષ જીજ્ઞા પટેલ, ભાજપ અગ્રણી પ્રશાંત પટેલ, ભાજપ મહામંત્રી વિજય રાઠોડ, ડેપ્યુટી સરપંચ જીગ્નેશ પટેલ, કાર્તિક પટેલ, નિશાન પરમાર, મનીષ પરમાર, શાળાના આચાર્ય ચેતન પટેલ, શિક્ષકગણ અને 550 જેટલા વિદ્યાર્થીઓ સંસ્કૃત ગૌરવ યાત્રામાં જોડાયા હતાં.

### વાપીમાં શેઠે બે મહિનાનો પગાર નહીં ચૂકવતા દંપતિનો આપઘાતનો પ્રયાસ

વાપી : વાપી નજીકના છીરી, રામનગરમાં રહેતા દંપતિને શેઠ દ્વારા બે મહિનાનો પગાર નહીં ચૂકવતા આર્થિક સંકડામણ ઉભી થઈ હતી. જેને લઈ દંપતિએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ડુંગરા, નવીનગરીમાં રહેતા યુવક દ્વારા સોશ્યિલ મીડિયામાં આપઘાત કરી લેવાની પોસ્ટ મૂકી હતી. આપઘાત પ્રયાસ અંગેની જાણ વલસાડ પોલીસ કંટ્રોલરૂમને થઈ હતી અને તે બાદ ડુંગરા પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક ડુંગરા પોલીસ ટીમ વર્ણવેલા સ્થળ પર પહોંચી જઈ રેસ્કયુ કરી આપઘાત કરનારને અટકાવી જીવ બચાવ્યો હતો.

## નારવડમાં પોલીસ અરજી બાબતે બોલાચાલીમાં વૃદ્ધ પર હુમલો

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નારવડ ગામે પોલીસ અરજી કરવાના મુદ્દે થયેલી માથાકૂટમાં એક વૃદ્ધને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ફરીયાદી ઈશ્વરભાઈ રામુ વળવીના જણાવ્યા અનુસાર, તેમના પરિવાર સામે અગાઉ પોલીસમાં અરજી આપવામાં આવી હતી, જેનું નિવેદન લખાવવા જવાના હતા ત્યારે સમાધાનની વાતચીત દરમિયાન આરોપીઓએ ઉશ્કેરાઈને ગાળાગાળી કરી હતી. તે સમયે ઈશ્વરભાઈ અને સંદીપભાઈએ મળીને ફરિયાદીના ૬૫ વર્ષીય પિતા રામુભાઈને થપ્પડ મારી જમીન પર પાડી દીધા હતા અને ઢીક્કામુક્કીનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પિતાને બચાવવા વચ્ચે પડેલા પરિવારજનોને જોઈને આરોપીઓ નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને 108 એમ્બ્યુલન્સ દ્વારા પ્રથમ કપરાડા અને ત્યારબાદ ધરમપુર હોસ્પિટલ ખસેડાયા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# અરનાલામાં ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ રેલીની તૈયારીઓ

**વીજળી**, બેરોજગારી, પાણી, રસ્તાના પ્રશ્ને સરકાર પર આકરા પ્રહાર

**૧લી** સપ્ટેમ્બરે ખેડૂતોને વિના મૂલ્યે લક્કી ડ્રોના માધ્યમથી ખેત ઓજારોનું ઈનામ વિતરણ કરાશે



નાનાપોંઢા તાલુકાના અરનાલા ગામે કોંગ્રેસ સમિતિ અને આયોજન સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં આગામી ૧લી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યોજાનાર ૭૩મી ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ કિસાન રેલી અને 'કિસાન મુક્તિ દિન'ના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. અરનાલા કોલક નદીના કિનારે આવેલા શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર ખાતે આ ભવ્ય આયોજન કરાયું છે.

આ ઐતિહાસિક ખેડ સત્યાગ્રહના પ્રણેતા સ્વ. ઈશ્વરલાલ સી. દેસાઈ અને સ્વ. ઉત્તમભાઈ એચ. પટેલના સ્મરણાર્થે તથા ખેડૂતોને જમીનની સનદ આપનાર માજી વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીના યોગદાનને યાદ કરીને આ ઉજવણીનું આયોજન હાથ ધરાયું છે. ભૂતકાળમાં સ્વ. ઈન્દિરા ગાંધીના હસ્તે આ વિસ્તારના ૧૪,૦૦૦થી વધુ ખેડૂતોને ૧૪,૦૦૦ હેક્ટર જમીનના હક્કો અને સનદ આપવામાં આવ્યા હતા. તેની યાદમાં દર વર્ષે ૧ સપ્ટેમ્બરે આ દિવસ ઉજવાય છે. આ રેલી અને સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા ડૉ. તુષાર ચૌધરી, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, અનંત પટેલ, ગૌરવ પંડ્યા અને મિલન દેસાઈ સહિતના ઉચ્ચ નેતાઓ ઉપસ્થિત રહેશે. તેમજ ખેડૂતોને વિનામૂલ્યે લક્કી ડ્રો દ્વારા ખેત ઓજારોનું ઈનામ વિતરણ કરાશે. કોંગ્રેસ આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

આ બેઠકમાં કોંગ્રેસ પ્રભારી પુનાજી ગામીત, જિલ્લા પ્રમુખ કિશન પટેલ, ઉપપ્રમુખ વસંત પટેલ, પ્રભારી ભીલાજી ગામીત, પારડી તાલુકા પ્રમુખ સતીશ પટેલ, નાનાપોંઢા પ્રમુખ હરેશ પટેલ, કપરાડા તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ, ધરમપુર તાલુકા પ્રમુખ રાજેશ પટેલ, વલસાડ તાલુકા પ્રમુખ કેતન સોલંકી, વાપી શહેર પ્રમુખ મહેશ શાહ, વાપી મનપા વિરોધ પક્ષના નેતા પીરુભાઈ મકરાણી, જયશ્રીબેન, કુંજાલીબેન અને પારડી તાલુકાના ઉપપ્રમુખ જે. કે. પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ઉપપ્રમુખ વસંત પટેલે વીજળી, યુવા બેરોજગારી, પાણી, રસ્તાના પ્રશ્નોને લઈ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

# મહારાષ્ટ્રના પાલઘરમાં લૂંટ ચલાવી ભાગતી સુરતની ગેંગ ઝડપાઇ

**સોનાની** ચેઇન લૂંટી કારમાં ભાગતી સુરતની ચાર સભ્યોની ટોળકી મુદ્દામાલ સાથે ઝડપાઈ

### પકડાયેલા સુરતના આરોપીઓ સામે નોંધાયેલા ગંભીર ગુનાઓ

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ઝડપાયેલા આરોપીઓ અસ્ફાક અલી, સુફીયાન શેખ અને મુજમ્મીલ સવાની સામે સુરત અને પાલઘરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ પણ ચોરી, આર્મ્સ એક્ટ અને લૂંટ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આરોપીઓ વિરુદ્ધ પાલઘરના વાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાપી : મહારાષ્ટ્રના પાલઘરના વાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક નાગરિકની સોનાની ચેઇન લૂંટીને સફેદ રંગની મારુતિ ઇક્કો કારમાં સુરત તરફ ભાગી રહેલી ચાર સભ્યોની લૂંટારુ ટોળકીને વલસાડ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) ની ટીમે ગુંદલાવ નેશનલ હાઇવે-૪૮ પરથી ઝડપી પાડી હતી. પોલીસે લૂંટમાં ગયેલી આશરે ૧૩ ગ્રામ વજનની સોનાની ચેઇન તેમજ ઇક્કો કાર સહિત કુલ રૂપિયા ૪,૭૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તમામ આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે પાલઘર LCBને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

વાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાર ઇસમોએ ફરિયાદીની સોનાની ચેઇનની લૂંટ આચરી મારુતિ ઇક્કો કારમાં સુરત તરફ ભાગી રહ્યા હતા. આ માહિતી મળતા જ સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વલસાડ LCBના પોલીસ ઇન્સ્પેક્ટર એ.યુ. રોઝની સૂચનાથી વોચ ગોઠવી હતી. વલસાડ LCBની ટીમે ગુંદલાવ હાઇવે નજીક વોચ દરમિયાન શંકાસ્પદ ઇક્કો કારને અટકાવી હતી. કારમાં સવાર ચારેય ઇસમોની પૂછપરછ કરતાં તેઓ લૂંટના ગુનામાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું હતું. પકડાયેલા આરોપીઓમાં મુજમ્મીલ સવાની, અસ્ફાક અલી ઉર્ફે બાબુ ઉર્ફે બાઘા સૈયદ, સુફીયાન શેખ તથા આસીફ ઉર્ફે હીના અમઝદ પઠાણ (તમામ રહે. ભેસ્તાન, સુરત) નો સમાવેશ થાય છે.

# ધરમપુર તા. પં.ની સામાજિક ન્યાય સમિતિનો ઠરાવ રદ કરાયો

**વાલ્મીકિ** વર્ગના સભ્યનો સમાવેશ ન થતાં જિલ્લા વિકાસ અધિકારીનો નિર્ણય

**30** દિવસમાં નિયમ મુજબ નવી સમિતિ રચવા આદેશ


આસીફ શેખ

### તાલુકાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો

ધરમપુર ન્યાય સમિતિની વરણી બાબતે ધરમપુર તા. કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ તથા મહામંત્રી મુફીદ પઠાણ, વિરોધ પક્ષના નેતા દેવુ મોકાસી સહિત નેતાઓએ જિલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ કરતાં છેલ્લા એક માસ બાદ તેમની મહેનત રંગ લાવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા ન્યાય સમિતિને રદ કરવા હુકમ કરતાં તાલુકાના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ધરમપુર : ધરમપુર : ધરમપુર તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની રચનાને લઈને કરવામાં આવેલા ઠરાવને વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે રદ કરવાનો હુકમ કર્યો છે. સામાન્ય સભામાં સમિતિની રચના સામે પંચાયતના પાંચ સભ્યોએ અરજી કરતા DDO દ્વારા તપાસ કરી આ નિર્ણય લેવાયો છે.

પંચાયતના સભ્યો રસિક દેસાઈ, રમેશ પાડવી, સવિતા બારીયા, શીતલ ચૌધરી અને ઈલેશ સુરતીએ રજૂઆત કરી હતી કે, સમિતિની રચના ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા સંબંધિત નિયમો મુજબ થઈ નથી. નિયમ મુજબ સમિતિમાં પાંચથી વધુ સભ્યો ન હોવા જોઈએ અને તેમાં વાલ્મીકિ (સફાઈ કામદાર) વર્ગના એક સભ્ય, અનુસૂચિત જાતિ તથા આદિજાતિના સભ્યોનો સમાવેશ ફરજિયાત છે. તપાસમાં અનુસૂચિત આદિજાતિની મહિલા સભ્યની નિમણૂક યોગ્ય હોવાનું જણાયું હતું, પરંતુ વાલ્મીકિ વર્ગના સભ્યનો સમાવેશ કરવાનું રહી ગયું હતું. આથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૨૪૯ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને DDOએ ઠરાવ રદ કર્યો છે અને ૩૦ દિવસમાં નવી રચના કરવા આદેશ આપ્યો છે.